## જુન

૧ જુન ૧૮૭૬ - ગુજરાતી નિબંધકાર તથા અનુવાદક એવા નીલકંઠ વિદ્યાગૌરી રમણભાઈનો જન્મ અમદાવાદમાં થયો હતો. પિતાનું નામ ગોપીલાલ ધ્રુવ હતું. ' ફોરમ' , ' નારીકુંજ' , ' જ્ઞાનસુધા' અને ' સુહાસિની' તેમની કૃતિઓ છે. (અવસાન ૭/૧૨/૧૯૫૮)

૧ જુન ૧૯૨૯ - ગુજરાતી વાર્તાકાર, નવલકથાકાર, અને નિબંધકાર સરોજબેન પાઠકનો જન્મ કચ્છ જીલ્લાના ઝખઉંમાં થયો હતો. તેમણે ' પ્રેમ ઘટ ઝૂક આઈ', ' વિરાટ ટપકું', ' તથાસ્તુ' અને ' મારો અસબાબ' વાર્તાસંગ્રહો આપ્યા છે. ' નિ:શેષ' અને 'નાઈટમેર' તેમની નવલકથાઓ છે. (અવસાન – ૧૬/૪/૧૯૮૯)

૨ જુન ૧૯૨૯ - ગુજરાતી વિવેચક અને સંપાદકક્ષેત્રે મહત્વનું યોગદાન આપનાર ચિમનલાલ શિવશંકર ત્રિવેદીનો જન્મ મહેસાણા જીલ્લાના મુંજપુર ગામમાં થયો હતો.

૩ જુન ૧૯૧૨ - ગુજરાતી સાહિત્યકાર નાથાલાલ ભાણજીભાઈ દવેનો જન્મ ભાવનગરના ભૂવા ગામમાં થયો હતો. ઈ.સ. ૧૯૫૬ થી ૧૯૭૦ દરમ્યાન ગુજરાત રાજ્યના શિક્ષાધિકારી તરીકે સેવા આપી હતી. (અવસાન- ૨૫/૧૨/૧૯૯૫)

૩ જુન ૧૯૨૯ - ' સરદાર સરોવર બંધ' (નર્મદા યોજના) પરિયોજનાની પરિકલ્પના કરનાર ગુજરાત રાજ્યના ઈ.સ. ૧૯૯૦માં રાજ્યના પાંચમા મુખ્યમંત્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલનો જન્મ સંખેડા તાલુકાના ચિખોદરા ગામમાં થયો હતો. તેઓ આધુનિક ઔદ્યોગિક ગુજરાતના નિર્માતા હતા. (અવસાન- ૧૭/૨/૧૯૯૪)

૫ જુન વિશ્વ પર્યાવરણ દિન

૬ જુન ૧૮૮૮ - વલ્લભવિદ્યાનગર વિશ્વ વિદ્યાલયના સ્થાપક ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલનો જન્મ ખેડાના સોજીત્રામાં થયો હતો. તેઓ ' ભાઈકાકા ' ના હુલામણા નામથી લોકપ્રિય થયા હતા. તેઓ (અવસાન ૩૧/૩/૧૯૭૦)

૮ મે ૧૯૨૦ - કૃષ્ણદ્વૈપાયન, સનાતન યાત્રી મોહનલાલ શંકરભાઈ પટેલનો જન્મ પેટલાદ તાલુકાના વડદલા ગામમાં થયો હતો. ' વાણી', ; વિદ્યાપીઠ' સામયિકના તંત્રીપદે સેવા આપી હતી.

gnanbhandar.com

૮ જુન ૧૯૫૭ - સૌંદર્ય અને અભિનય પ્રતિભાનો સુભગ સમન્વય ધરાવતી ફિલ્મ અભિનેત્રી ડીમ્પલ કાપડીયાનો જન્મ પુનામાં થયો હતો. પિતાનું નામ ચુનીલાલ કાપડીયા હતું. ઈ.સ. ૧૯૭૩માં ' બોબી' પ્રીમિયર શોના પ્રથમ દિવસે ડીમ્પલ સ્ટારપદ પર પહોંચી ગઈ હતી. તેઓ ફિલ્મ અભિનેતા રાજેશ ખન્નાનીપત્ની હતા.

૧૬ જુન ૧૯૩૮ - બાળ સાહિત્યકાર, નવલકથાકાર તથા અનુવાદક યશવંત દેવશંકર મહેતાનો જન્મ સુરેન્દ્રનગરના લીલાપ્ય્ર ગામમાં થયો હતો. તેમણે ' ખોવાયેલી દુનિયાની સફરે', 'યુગયાત્રા' અને ' ગ્રહોના વિગ્રહ' વિજ્ઞાન વિષયક પુસ્તકો આપ્યા છે.

૧૭ જુન ૧૯૦૧ - રાષ્ટ્રપ્રેમ અને અધ્યાત્મકભાવનાના કવિ પૂજાલાલ રણછોડલાલ દલવાડીનોજન્મ ગોધરામાં થયો હતો.તેમણે ઈ.સ.૧૯૩૮માં ' પારીજાત' કાવ્યસંગ્રહ પ્રગટ કર્યો હતો. તેમનો પ્રિય સાહિત્યપ્રકાર સોનેટ હતો. ' ગુર્જરી' તેમનો સોનેટ કાવ્યોનો સંગ્રહ છે. (અવસાન- ૨૭/૧૨/૧૯૮૫)

૨૦ જુન ૧૯૨૩ - રાષ્ટ્રીય ઝવેરચંદ મેઘાણીના પુત્ર મહેન્દ્રભાઇ મેઘાણીનો જન્મ મુંબઈમાં થયો હતો. તેમણે ' અડધી સદીની વાંચનયાત્રા' ભાગ ૧ થી ૪ સંપાદન પુસ્તક પ્રકાશિત કર્યું હતું.

૨૧ જુન ૧૮૭૨ - ચૂસ્ત ગાંધીવાદી, સરદાર પટેલ ના વિશ્વાસુ સાથી મોહનલાલ કામેશ્વર પંડ્યાનો જન્મ ખેડા જીલ્લાના કઠલાલમાં થયો હતો. ખેડા સત્યાગ્રહ શરૂ કરવામાં નોંધપાત્ર પ્રદાન હતું. ગાંધીજીએ તેમને ' ડુંગળી ચોર' નું બિરૂદ આપ્યું હતું. (અવસાન – ૧૪/૫/૧૮૩૫)

૨૧ જુન ૧૯૪૦ - ગુજરાતના સંસ્કારજગતમાં સુપ્રસિદ્ધ સંગીતજ્ઞ અને નૃત્યાંગના રૂપાંદે કાંતિલાલ શાહનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમને ' સપ્તક'સંસ્થાની સ્થાપના કરી હતી.

૨૩ જુન ૧૯૨૩ - ગુજરાતના પ્રથમ કોટીના આંતરરાષ્ટ્રીય કક્ષાના જાણીતા નામાંકિત ભાષાશાસ્ત્રી પ્રબોધભાઈ પંડિતનો જન્મ ભાવનગર જીલ્લાના વળા ગામમાં થયો હતો. ભાશાવીગ્નાનનો શુદ્ધ અભિગમે તેમની મુખ્ય લાક્ષણિકતા હતી.' ગુજરાતી ભાષાનું ધ્વનિ સ્વરૂપ અને ધ્વનિ પરિવર્તન' ભાષા શાસ્ત્રને સાહિત્ય અકાદમી દિલ્લી પારિતોષિક એનાયત થયેલ છે. (અવસાન- ૨૮/૧૧/૧૯૭૫)

gnanbhandar.com

૨૩ જુન ૧૯૩૪ – ગુજરાતી ચલચિત્ર જગતના જાણીતા હાસ્ય અભિનેતા અને નિર્માતા રમેશ ગીરધરલાલ મહેતાનો જન્મ નવાગામમાં થયો હતો. ' ગાજરની પીપૂડી' ગુજરાતી ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. (અવસાન ૧૧/૫/૨૦૧૨)

૨૩ જુન ૧૯૩૫ - ગજરાતના સુગમ સંગીતના સુપ્રસિદ્ધ સંગીત નિર્દેશક રાસબિહારી રમણલાલ દેસાઈનો જન્મ પાટણમાં થયો હતો. ઈ.સ. ૧૯૬૧માં 'શ્રુતિ' સંસ્થાની સ્થાપના કરી હતી. ઈ.સ.૧૯૮૦માં ' કાશીનો દીકરો' ફિલ્મ માટે શ્રેષ્ઠ પાશ્વગાયકનો એવોર્ડ એનાયત થયો હતો.

૨૪ જુન ૧૯૬૨ - ઉદ્યોગક્ષેત્રે અસાધારણ પ્રગતિ કરનાર ગૌત્તમ શાંતિલાલ અદાણીનો જન્મ અમદાવાદમાં થયો હતો. અદાણી જૂથે સૌપ્રથમ પોતાનું દરિયાઈ જહાજ નિર્માણ અને રીપેરીંગ યાર્ડની સ્થાપના કરી હતી.તેમણે ઈ.સ. ૧૯૮૫માં ' અદાણી એક્સપોર્ટ્સ' નામે કંપની શરૂ કરી આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ઝંપલાવ્યું.

૨૪ જુન ૧૯૨૯ - સુન્ધુર અને બુલંદ કંઠ ધરાવતા તથા બનારસ હિંદુ યુનિવર્સીટીના સંગીતાચાર્ય પંડિત ઓમકારનાથ ગૌરીશંકર ઠાકુરનો જન્મ ખંભાત પાસેના જહાજ ગામમાં થયો હતો. ઈ.સ. ૧૯૩૪માં રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત થયેલ છે. ઈ.સ. ૧૯૬૩માં હિંદુ વિશ્વ વિદ્યાલય, વારાણસી તરફથી તેમણે ' ડોક્ટર્સ ઓફ લેટર્સ'ની પાડવી એનાયત થઇ. (અવસાન ૨૯/૧૨/૧૯૬૭)

૨૫ જુન ૧૯૫૨ - ગુજરાતી ફિલ્મ કોમેડિયન અને ટીવી કલાકાર સતીશભાઈ શાહનો જન્મ કચ્છ માંડવીમાં થયો હતો.તેમણે ' જાને ભિ ડૉ યારો' ભરપુર કોમેડિયન ફિલ્મ આપી હતી.

૨૬ જુન ૧૮૮૨ - ગુજરાતના મહિલા સ્વાતંત્ર્યસેનાની અને સમાજસુધારક શારદાબહેન મહેતાનો જન્મ અમદાવાદમાં થયો હતો. પિતાનું નામ ગોપીલાલ ધ્રુવ હતું. ઈ.સ.૧૯૩૪માં તેમણે ' આપના ઘરની દુકાન' નામની સહકારી ભંડારો શરૂ કર્યા હતા. (અવસાન-૧૩/૧૧/૧૯૭૦)

૨૬ જુન ૧૯૦૮ - ' જયભિખ્ખુ'ના ઉપનામથી ગુજરાતી સાહિત્યમાં વિવિધક્ષેત્રે સાહિત્યસર્જન કરનાર બાલાભાઈ વીરચંદભાઈ દેસાઈનો જન્મ રાજકોટના વિંછીયા ગામમાં થયો હતો.

gnanbhandar.com

તેમણે થી વધારે પુસ્તકો લખ્યા છે. ‘ ગુજરાત સમાચાર’માં ‘ ઈંટ અને ઈમારત’લોકપ્રિય કોલમ ચલાવી હતી. (અવસાન- ૨૪/૧૨/૧૯૬૯)

૨૬ જુન ૧૯૦૮ - ‘ જયભિખ્ખુ’ના ઉપનામથી ગુજરાતી સાહિત્યમાં વિવિધક્ષેત્રે સાહિત્ય સર્જન કરનાર બાલાભાઈ વિરચંદભાઈ દેસાઈનો જન્મ રાજકોટના વિછીયા ગામમાં થયો હતો. તેમણે ૩૦૦ થી વધારે પુસ્તકો લખ્યા છે. ‘ ગુજરાત સમાચાર’માં ઇન્ત અને ઈમારત’ લોકપ્રિય કોલમ ચલાવી હતી. (અવસાન – ૨૪/૧૨/૧૯૬૯)

૨૭ જુન ૧૯૧૮ - ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય વિવેચક, ગુજરાતી વિશ્વકોષના વિશ્વકર્મા ધીરૂભાઈ પ્રેમશંકર ઠાકરનો જન્મ વિરમગામમાં થયો હતો. ઈ.સ. ૧૯૯૪માંરણજીતરામ એવોર્ડ એનાયત થયો હતો. ઈ.સ. ૧૯૮૫માં ગુજરાતી વિશ્વકોષ ના મુખ્ય સંપાદક તરીકે કામગીરી કરી હતી.

૨૯ જુન ૧૯૩૮ - ગુજરાતી ભજનના ખૂબ જ્ જાણીતા ગાયક કલાકાર શક્તિદા મહિડાન લાગાવદરા ઉર્ફે ‘ નારાયણ સ્વામી’ નો જન્મ માંડવીમાં થયો હતો. (અવસાન- ૧૫/૯/૨૦૦૦)

૩૦ જુન ૧૮૭૭ - ગાંધીગીતોમાં સૌપ્રથમ ગીત લખનાર કવિ જન્મશંકર બુચનો જન્મ જુનાગઢમાં થયો હતો. તેમનું ઉપનામ ‘ લલિત’ હતું. ‘ગીત સંગીત’, ‘સીતા વનવાસ’ અને ‘ લલીતના કાવ્યો’ તેમના કાવ્યસંગ્રહો છે. (અવસાન- ૨૫/૩/૧૯૪૭)

૩૦ જુન ૧૯૩૭ - પૌરાણિક કથાવસ્તુ આધારિત ગુજરાતી નવલકથા લખનાર દિનકરભાઈ મગનલાલ જોશીનો જન્મ ભાવનગર જીલ્લાના નાગધણીબા ગામમાં થયો હતો.

gnanbhandar.com